રાજ્યમાં સગીર વયના બાળકો પર બળાત્કારના કેસમાં પંચ તરીકે રાજ્યના સરકારી કર્મચારીઓની મદદ લેવા બાબત.

ગુજરાત સરકાર.
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક:-વસફ/૧૦૨૦૨૦/૨૭૩૦/ઝ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૦/૧૨/૨૦૨૦

**વંચાણે લીધા:-**

➤ અધિક પોલીસ મહાનિદેશકશ્રીની કચેરી, સી.આઇ.ડી.(ક્રાઇમ અને રેલ્વેઝ), ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૦/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક:- સી.આઇ.ડી./મહિલા મોનીટરીંગ સેલ/૧૧૦/૨૦૨૦

**આમુખ:-**

રાજ્યમાં સગીર વયના બાળકો ઉપર બનતા બળાત્કારના કેસોમાં પકડાયેલ આરોપીઓ વિરુદ્ધ ઘનિષ્ઠ અને ઊંડાણપૂર્વક તપાસ થાય તેમજ કોર્ટની ન્યાયિક કાર્યવાહી દરમિયાન આવા આરોપીઓ કાયદાની છટકબારીનો ગેરલાભ ના મેળવી જાય તે ખૂબ જ જરૂરી છે. આવા ગુનાઓમાં પકડાયેલ આરોપીઓ સામેની ન્યાયિક કાર્યવાહી સમય મર્યાદામાં (૬ માસ) પૂર્ણ થાય અને દોષિતોને સજા થાય તે માટે આવા કેસોમાં પંચ સાહેદ તરીકે સરકારી સાહેદને રાખવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, રાજ્ય પોલીસ દ્વારા આવા ગુના નોંધવા અંતર્ગત પંચનામાની કાર્યવાહી દરમ્યાન નીચે જણાવેલ શરતોને આધીન પંચ તરીકે સરકારી કર્મચારીની મદદ લેવા/ કામગીરી કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

**શરતો અને કાર્યરીતિ:-**

૧. સગીર વયના બાળકો પર બળાત્કારના કેસો માટે ગુજરાતના તમામ શહેર/ જિલ્લાઓની સરકારી કચેરીઓમાંથી તમામ કર્મચારીઓને પંચ તરીકે લઈ શકાશે.

૨. આવા કેસોમાં કર્મચારી જ્યારે સરકારી પંચ તરીકે કામગીરી કરે ત્યારે તે સમય પૂરતી તેની કામગીરીને ફરજ તરીકે ગણવાની રહેશે અને રજાનો અહેવાલ મૂકવા ફરજ પાડી શકાશે નહિ.

૩. પોલીસ ખાતા દ્વારા સગીર વયના બાળકો પર બળાત્કારના કેસો માટે જ્યારે પંચની મદદ માંગવામાં આવે ત્યારે સર્વે ખાતાના/કચેરીના વડાઓએ તેમના તાબા હેઠળના

કર્મચારીને પંચ તરીકે કામગીરી માટે અચૂક ફાળવી આપવાના રહેશે. આ બાબતમાં કોઇ ચૂક થશે તો તેને ગંભીર ગણીને કાર્યવાહી કરવામાં આવશે.

૪. સગીર વયના બાળકો પર બળાત્કારના કેસમાં પોલીસ ખાતાની કચેરીઓના કોઈ કર્મચારી/અધિકારીની પંચ તરીકે પસંદગી કરવાની રહેશે નહિ.

૫. પંચ તરીકે જે સરકારી કર્મચારીની પસંદગી કરવામાં આવે તેઓ તમામ સંજોગોમાં તટસ્થ હોવા જોઈશે. તેઓ કોઇની અસર હેઠળ અથવા પોલીસના દાબ હેઠળ ન આવે તે માટેની તકેદારી રાખવાની રહેશે.

૬. આવા કેસમાં પંચ તરીકે વર્ગ–૩ના સરકારી કર્મચારીઓની પસંદગી કરવાની રહેશે. વર્ગ–૩ના કર્મચારીઓ પૈકી ફિક્સ પગારથી કરાર આધારિત કાર્યરત રહેલા કર્મચારીઓને પંચ તરીકે રાખી શકાશે નહિ.

૭. પંચોની પસંદગી સમયે સરકારી કર્મચારી ખાસ કરીને સિનિયર કલાર્ક કે તેનાથી ઉપલા દરજ્જા ના કર્મચારી/અધિકારી હોય તેઓને જ પંચોમાં લેવા જોઈશે કે જેથી આવા મહત્વના કેસોમાં ન્યાયિક કાર્યવાહીમાં તેમના રૂબરૂ નિવેદનનું યોગ્ય અને સચોટ પરિણામ મળી શકે.

૮. તટસ્થ પંચો મળી રહે તે માટે ફક્ત જિલ્લાના મુખ્યમથકમાંથી જ પસંદગી નહિ કરતા તાલુકાનું વડુ મથક હોય અને/અથવા ૧૫ હજારથી વધુ વસતીવાળો ગ્રામ્ય/શહેરી વિસ્તાર હોય તેવા સ્થળેથી પંચના સાક્ષીઓ લેવા પણ તજવીજ કરવાની રહેશે.

ઉપર્યુક્ત કાર્યરીતિ અને સૂચનાઓનો સુચારૂ અમલ થાય તે માટે સર્વે વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાને જરૂરી સૂચના આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા સચિવાલયના તમામ વિભાગોને આથી, જણાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૧૨/૧૧/૨૦૨૦ અને સરકારશ્રીની તા.૧૯/૧૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સમીર જોષી)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- આદરણીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય કેબિનેટ અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી – સર્વેના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.(ક્રાઇમ અને રેલ્વેઝ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર-૧૦બી, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ. (પત્ર દ્વારા)
- તમામ ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશનરશ્રીઓ.
- તમામ જિલ્લા કલેકટરશ્રીઓ,
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રીઓ.
- ગૃહ વિભાગની સર્વે શાખાઓ.
- શાખા સિલેકટ ફાઇલ / ના.સે.અ. સિલેકટ ફાઇલ.